Extra No. 420

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, NOVEMBER 25, 2025 / AGRAHAYANA 4, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

૧. સરકારશ્રીના ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૮/૧૨/૨૦૨૩ના પત્ર ક્રમાંક- વિ-૨/ ડી.એસ.એમ/ ૧૩૨૦૧૫/હા.કો.૦૨ (પા.ફા.-૨)

૨. સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગરનાતા.૨૦/૧૨/૨૦૨૨ના પત્ર નં.ENV-10-2016-NGT-4/-T.CELL

૩. નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરના પત્ર ક્રમાંક.વપસ/૧૩/બ/૭૩૪૬/૨૦૨૨-૨૩, તા.૨૬/૧૨/૨૦૨૨

૪. ચીફ એન્જીનીયર(ટીઆર), જેટકો, વડોદરાના તા.૦૯/૧૨/૨૦૨૨ના પત્ર નં.૨૦૨૨-૨૩/CE(TR)/ACE(TR)/SE((TR)/2121

૫. પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરના પત્ર ક્રમાંક.એલઆઈબી/ ચાઈનીઝ-તુક્કલ/ જાહેરનામું/ ૧૯૯૪/ ૨૦૨૫, તા.૧૪/૧૧/૨૦૨૫

૬. સરકારશ્રીના ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૧૭/૦૯/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ગ), ૩૩(૧)(થ), ૩૩(૧)(૫)(૩), ૩૩(૧)(ભ), ૧૧૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ.-૨/મકરસંક્રાંતિ/જાહેરનામું/વશી-૧૬૭૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના આમુખ-(૫)ના પત્રની વિગતે આગામી સમયમાં તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં મકરસંક્રાંતી(ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) જિલ્લામાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનને જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેરમાર્ગ ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝાડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી દઈને આમતેમ શેરીઓ, ગલીઓ તેમજ જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરતા હોય છે. જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર(વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કીટ થવાથી તાર ટુટી જવાના કારણે અકસ્માતો સર્જાવાના ગંભીર બનાવ બનતા હોય છે. તેમજ આ પર્વના દિવસે

શહેરી/ગ્રામ્યવિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો ધ્વારા જાહેરમાં ઘાસચારાનુ વેચાણ કરતા હોય છે તથા આમ જનતા ધ્વારા આઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે. જેને અનુલક્ષીને જાહેરમાર્ગો ઉપર ગાયો તથા બીજા પશુઓ ધ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાવવા માટે માંઝા અથવા દોરી કે જે, નાઈલોન અથવા અન્ય સીન્થેટીક મટીરીયલ અથવા સીન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોડિગ્રેડેબલ હોય તેવા દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ દોરાઓ એકદમ ધારદાર હોવાના કારણેકોઈ વ્યકિતનેશરીરના કોઈ ભાગ ઉપર ઘસાવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે, જેના કારણે શારીરીક ગંભીરઈજાઓ તેમજ કેટલાક કિસ્સાઓમાં વ્યકિતનું મોત નિપજયા સુધીના ગંભીર બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝલેન્ટર્સ આકાશમાં ઉડાડવામાં આવતાહોય છે. તુકકલમાં હલકી કવોલીટીની સળગી જાય તેવા વેકસ પદાર્થોના કારણે પર્યાવરણનેપણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુકકલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપત્તિને નુકશાન થાય છે.

વધુમાં આમુખ-(૬)ના પરિપત્રની વિગતે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમજ આર્થિક ફાયદા સારુ માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય, જેથી દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી વખતે વપરાતાં ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવામાં આવતુ હોવાથી દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી તથા ઉત્તરાયણના તહેવાર દરમિયાન દરવર્ષે નવેમ્બર માસના પ્રથમ અઠિવાડીયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધીમાં અમલમાં રહે તે મુજબ જિલ્લા વિસ્તારમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા કાયદામાં આપેલ જોગવાઈ મુજબનું પ્રતિબંધિત જાહેરનામું દર વર્ષે પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી કરવા સુચના મળેલ છે.

જેથી ઉપરોકત બાબતે સ્કાય લેન્ટર્ન(ચાઈનીઝ તુકકલ) તેમજ ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ મિશ્રીત તથા ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ અને નોન-બાયોડિગ્રેડેબલ દોરી તથા પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગથી મનુષ્ય, પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે સારૂ તથા આવી બાબતો નીવારવા માટે આમુખ(૧) થી (૬)ના પત્રોની વિગતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ),૩૩(૧)(ગ), ૩૩(૧)(થ), ૩૩(૧)(૫)(૩), ૩૩(૧)(ભ), ૧૧૩ હેઠળ જાહેરહીતમાં પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાદુ(આઈ.એ.એસ.), કલેકટર અને મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા આથી આ જાહેરનામાથી નીચે મુજબના પ્રતિબંધિત કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

સમ્રગ સાબરકાંઠા જિલ્લાની હકુમતનો વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

૨૫ આ હુકમ તા.૨૫/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૫ના ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

"પ્રતિબંધિત કૃત્યો"

(૧) કોઈપણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ/રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાવવા પર.

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડવા ઉપર.

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરીજનક લખાણો લખી પતંગ ઉડાવવા ઉપર.

(૪) જિલ્લામાં ટ્રાફીકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી આમ-તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા દોડી કરવા ઉપર

(૫) રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર(વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તાર તૂટી જવાથી અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતા હોય છે, જેથી ટેલીફોન કે ઈલેકિટ્રકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૬) જાહેર માર્ગે ઉપર કોઈપણ વ્યકિતઓ ધ્વારા જાહેરમાં ગૌપાલકો ધ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરવા ઉપર અને આમ-જનતા ધ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/પશુઓને ઘાસચારો નાખી ટ્રાફીક અવરોધ કરવા ઉપર.

(૭) પ્લાસ્ટીક/પાકા સિન્થેટીક મટીરીયલ, ટોકસીક મટીરીયલ, કાચ પાવડર તથા કાચ મિશ્રીત તથા ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડિગ્રેડેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટીક બનાવટના માંજા/દોરાના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાવવા ઉપર.

(૮) ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્નના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ઉડાવવા ઉપર.

(૯) મેટાલીક બેઝડ થ્રેડસ તથા ઓડીયો મેગ્નેટીક ટેપના ઉપયોગ ઉપર.

"દંડની જોગવાઈ!"

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ ૧૯૫૧ની કલમ-૧૧૭, ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ ૧૯૫૧ની કલમ-૧૧૭, ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૫મી નવેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા સીકકો કરવામાં આવ્યો.

લલિત નારાયણ સિંઘ સાદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.10 17:28:46 IST